## ‘ઉધોગકારો સાથે સીધો સંવાદ’ કાર્યક્રમ યોજાયો

# ઉધોગકારોને પડતી તમામ મુશ્કેલીઓના તાત્કાલિક નિરાકરણ કરાશે : સહકાર રાજ્યમંત્રી જગદીશભાઈ

બાયડ તા.૧૧

સાબરકાંઠા જિલ્લા ઉધોગ કેન્દ્ર, સાબરકાંઠા તેમજ સાબરકાંઠા ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે ‘‘ઉધોગકારો સાથે સીધો સંવાદ’’ કાર્યકર્મ સહકાર રાજયમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને હિંમતનગર ખાતે યોજાયો. જેમાં ઉધોગકારોને પડતી મુશ્કેલીઓ અને પશ્નોના નીરાકરણ માટે મંત્રીશ્રી દ્વારા ઉધોગકારોને માર્ગદર્શન અને સારી અને સુદ્રઢ સુવિધા આપી શકાય તે માટે સીધો સંવાદ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતી કરી છે. આ વિકાસની ગતીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આગળ ધપાવી છે. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્રને આગળ વધારવા માટે ઉધોગકારો આગળ આવે તેઓ રોજગારીનું નિર્માણ કરે છે. આ રોજગાર નિર્માતાઓના પ્રશ્નો તાત્કાલિક ધોરણે ઉકેલવામાં આવશે. ઉધોગકારો પીન થી લઈને પ્લેન સુધી ગુજરાતમાં બનાવી રહ્યા છે. બાવળા પાસે આઈક્રિએટ સ્ટાર્ટ-અપ થકી ગુજરાતના યુવાનોને તેમના ક્રિએટીવ અને નવા આઈડીયાને પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતુ કે ઉધોગકારો સોમવાર અને મંગળવારે ગાંધીનગર ઓફીસે મુલાકાત લઈ પોતાના પ્રશ્નો રજુ કરી શકે છે. પ્રસુતિની પિડા મા જણે તેમ ઉધોગકારોની પીડા ઉધોગકાર જાણે, હું આ ક્ષેત્રમાંથી જ આવ્યો છું. તેથી જ નવુ મંત્રી મંડળ બનતા સાથે જ ઉધોગકારો સાથે ઓપન સેશન રાખ્યું હતું જેમાં ૪૦૦ પ્રશ્નો આવ્યા હતા જેનુ હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું છે.




આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ ઉધોગકારોના પ્રશ્નો સાંભળ્યા હતા અને તેનું હકારાત્મક નિરાકરણ કરવા જણાવ્યું હતું. સાબરકાંઠા-અરવલ્લીના નવા કોલ્ડ સ્ટોરેજના વીજ જોડાણના પ્રશ્નો તાત્કાલિક પગલા લઈ જોડાણ આપવા યુ.જી.વી.સી.એલ અધિકારીઓને જણાવ્યું અને ઈડરના ઈસરવાડા જી.આઈ.ડી.સીના પાકા રસ્તાના પ્રશ્ન અંગે સંબધીત અધિકારીઓને તે ઉકેલવા જણાવ્યું હતું.

આ કાર્યકર્મમાં ડાયરેક્ટર, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની ગાંધીનગર શ્રી જે. ડી. પટેલ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું કે આ જિલ્લામાં સીરામિક ઈન્ડસ્ટ્રીઝનો વિકાસ ખુબ થયો છે અને હાલ એગ્રો બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝનો વિકાસ થઈ રહ્યો છે. જિલ્લામાંથી બ્રોડગેજ રેલ્વે લાઈન પસાર થઈ રહી છે અને ટૂંક સમયમાં જ મુંબઈ દિલ્હી રેલ સેવા શરૂ થશે. આથી માલના એક્સપોર્ટ માટે આપણા જિલ્લામાં આઈ.સી.ડી. સેન્ટર મળે તેવી માંગ મંત્રીશ્રી સમક્ષ કરી હતી. આ ઉપરાંત મંત્રીશ્રીએ સાબરડેરી ખાતે સહકારી અગ્રણીઓ સાથે બેઠક કરી સહકારીતાનો લાભ સામાન્ય માણસ સુધી કઈ રીતે પહોચાડી શકાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ કાર્યકર્મમાં જિલ્લા કલેકટરશ્રી હિતેષ કોયા, ચેરમેન સાબરકાંઠા ડીસ્ટ્રી.કો.ઓ. બેંક લી. હિંમતનગરશ્રી મહેશભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ લઘુ ઉધોગ ભારતી ગુજરાત શ્રી શ્યામ સુંદર સલુજા, ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનના પ્રમુખશ્રી કાન્તિભાઈ શાહ, રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપાધ્યક્ષા કુ. કૌશલ્યા કુંવરબા, સાબરડેરીના ચેરમેનશ્રી શામળભાઈ પટેલ, માર્કેટયાર્ડના ચેરમેન જેઠાભાઈ પટેલ અને મોટી સંખ્યામાં ઉધોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી



નીરવ સુથાર
પત્રકાર
મોડાસા જિલ્લો અરવલ્લી



ડો.દિપકભાઈ પટેલ
ગાબટ તા. બાયડ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

# પ્રાંતિજના આરોણ યુનિવર્સલ પેપર મીલમાં બાળ મજુરનું મોત

**પેપર મીલમાં આવેલ ટ્રેક્ટર લોડરમાં આવી જતા બાળ મજુરનું મોત : પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરનાર મોટો ભાઇ પણ બાળ મજુર : પ્રાંતિજ પોલીસે અકસ્માતનો ગુનોનોધી તપાસ હાથ ધરી : પેપર મીલમાં બાળ મજુરો કામ કરવા છતાંય જવાબદાર તંત્ર ઉઘતું ઝડપાયુ**

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ઓરાણ ખાતે આવેલ યુનિવર્સલ પેપર મીલ મા કામ કરતો બાળ મજુર નુ ટ્રેકટર લોડર મા આવી જતા ધટના સ્થળેજ કમકમાટી ભર્યુ મોત નિપજયુ. પ્રાંતિજ ના ઓરાણ ગામની સીમમા આવેલ યુનિવર્સલ પેપર મીલ માં કામ કરતો બાળ મજુર વિજય ભાઈ સોમાજી ભાઈ ગણાવા ઉ.વર્ષ-૧૫ રહે.ખરેલી તા.ધરબાડા જિ.દાહોદ જે રાત્રીના સમયે મીલમા રહેલ પેપર પુંઠા ના વેસ્ટ ઉપર સુતેલ હતો અને પેપર મીલ મા રહેલ ટ્રેકટર લોડર જી૯-છ઼ઙ઼૬૬૬૭ નો ચાલક રાજેશ કુમાર રામપ્યારે ચમાર બે ફીકેરાઈથી ચલાવી લાવી પેપર પુંઠા ના વેસ્ટ ના બકેટ મા ભરવાની સાથે-સાથે બે ધ્યાન થઈ પેપર પુંઠા વેસ્ટ ઉપર સુતેલ વિજય ભાઈ સોમાજી ભાઈ ગણાવા બાળ મજુર ને પેપર પુંઠા સાથે બકેટ માં ભરી ખસેડવા જતા મૃતક વિજય ભાઈ નુ માથુ જમીન ઉપર પટકાયુ હતુ અને ધસડાતા માથા ના ભાગે થી લોહી નિકળી ગયુ હતુ અને ધટના સ્થળેજ બાળ મજુર વિજય ભાઈ સોભાજી ભાઈ ગણાવા નુ કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતુ તો આ અંગેની પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં મૃતક નો મોટો બાઈ (બાળમજુર) અજયભાઈ સોમાભાઈ ગણાવા ઉ.વર્ષ -૧૭ ધંધો મુજુરી રહે.હાલ ઓરાણ યુનિવર્સલ પેપર મીલ ઓરાણ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા મુળ રહે.ગામ ખરેલી તા.ધરબાડા જિ દાહોદ દ્વારા ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૨૭૯,૩૦૪છ , મોટર વાહન અધિનિયમ ૧૭૭, ૧૮૪,૧૩૪ (b) મુજબ ગુનોનોંધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ફરજ બજાવતા પ્રાંતિજ પીએસઆઈ વાઈ.બી.બારોટ દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે ત્યારે હાલતો બાળ મજુર હોય તો પોલીસ પણ કઈ દીશા તપાસ હાથ ધરશે તે પણ જોવુ રહ્યુ.




**જિલ્લા બાળ સુરક્ષા એકમ પણ ઉંગતુ ઝડપાયુ**

પેપર મીલ મા બાળ મજુરો કામ કરતા હોય અને બાળ મજુર નુ મોત નિપજયુ છે તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ફરીયાદ કરનાર પણ કંપની મા કામ કરે છે અને પોતે બાળ મજુર છે ત્યારે જિલ્લા ન્યાય શ્રમિક ના અધિકારીઓ તથા જિલ્લા બાળ ઐક્ય ના અધિકારીઓ પેપર મીલ માલિકો કે કોન્ટ્રાક્ટરો ઉપર એક્શન લેશે કે શુ કે પછી પડીકુ વાળ શે એ તો હવે જોવુ રહ્યુ.

## મર્યાદા જીવનનો પ્રાણ છે : ડો.મુનિશ્રી મદનકુમાર

# ભિલોડામાં ૧૫૮માં મર્યાદા મહોત્સવનું ભવ્ય આયોજન

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જિલ્લાના ભિલોડાના શ્રી મહાવીર ભવનમાં મહાતપસ્વી આચાર્યશ્રી મહાશ્રમણજીના શિષ્ય ડો.મુનિશ્રી મદનકુમાર અને મુનિશ્રી સિદ્ધાર્થકુમારના સાંનિધ્યમાં તેરાપંથ મહાકુંભનો ૧૫૮માં મર્યાદા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



મુખ્ય અતિથિ સાબરકાંઠા જિલ્લાના કલેકટર આર.એમ.ડામોર (હ઼.ઈ.હ઼) હાજર રહ્યા હતા.જૈન મુનીશ્રી નું વ્યાખ્યાન સાંભળ્યું અને મર્યાદા મહોત્સવના સંબંધમાં એમણે વિચાર રજુ કરતા કહ્યું કે મર્યાદા જીવન માટે ખૂબ જ આવશ્યક છે.તેરાપંથી ઉપસભા ભિલોડા દ્વારા કલેકટરનું સાહિત્ય અને મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવ્યું હતું.ધાર્મિક કાર્યક્રમમાં આજુ-બાજુના ગામોથી શ્રાવક - શ્રાવિકાઓ હાજર રહ્યા હતા.

# ધાનેરાના ધી બનાસકાંઠા કો. ઓપરેટીવ માર્કેટીંગ એન્ડ પ્રોસેસિંગ સોસાયટીને ગ્રાહક સુરક્ષાએ ૫ લાખની નોટીસ ફટકારી

ધાનેરા તા.૧૧

ધાનેરા શહેરમાં અનેક વેપારીઓ દ્વારા સ્ઈૅ કરતાં વધુ ભાવ લઈને ખેડૂતોને લુંટવામાં આવી રહ્યા છે જે અંગેની રજૂઆત ગ્રાહક સુરક્ષા ખાતામાં કરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, વેપારીઓ ખુલ્લેઆમ ગ્રાહકો સાથે છેતરીપિંડી કરી રહ્યા છે પરંતુ તાલુકામાં આવેલા જડીયા ગામમાં રહેતા ખેડૂત રડમલભાઈ કરમસીભાઈ ડાભીને ખાતરની જરૂર હોવાથી ખાતર ખરીદવા ધાનેરા ગંજ બજારમાં આવેલ ધી બનાસકાંઠા કો.ઓપરેટીવ માર્કેટીંગ એન્ડ પ્રોસેસિંગ સોસાયટી લિ.માંથી સરદાર ફર્ટીલાઈઝરની ર થેલીઓ ખરીદી હતી.અને એક થેલીના રૂ. ૭૭૫ મુજબ ર થેલીના રૂ. ૧,૫૫૦ આપતાં સોસાયટીના વહીવટકર્તાઓએ ગ્રાહક પાસેથી એમ.આર.પી. કરતાં વધુ ભાવ એટલે કે ર થેલીના રૂ. ૧,૭૦૦ લેતાં ધી બનાસકાંઠા કો. ઓપરેટીવ માર્કેટીંગ એન્ડ પ્રોસેસિંગ સોસાયટીના સંચાલકો દ્વારા ખેડૂત પાસેથી રૂ.૧૫૦ રૂપિયા વધારે વસુલી લેતાં ગ્રાહક રડમલભાઈએ ગુજરાતની જાણીતી ગ્રાહક હીત હક્ક રક્ષક સંસ્થા શ્રી જાગૃત નાગરિક-ગ્રાહક સુરક્ષા મંડળની કચેરીએ લેખિત ફરિયાદ મોકલી આપતાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી કિશોરભાઈ દવેએ ફરિયાદને ગંભીરતાથી લઈ વધુ ભાવ લેનાર સોસાયટીના પ્રમુખ,મંત્રી,સંચાલક અને વહીવટકર્તાને ગ્રાહક સુરક્ષા કાયદાની જોગવાઈઓ મુજબ નોટીસ આપી ગ્રાહક પાસેથી નાણાં રૂ.૧૫૦ ઉપરાંત ખર્ચ અને માનસિક ત્રાસના નાણાં સાથે પરત કરવા અને સોસાયટીએ આચરેલ સેવામાં ખામી અને અનૈતિક વેપાર પદ્ધતિ બદલ રાજ્ય ગ્રાહક કલ્યાણ નિધીમાં રૂ. ૫,૦૦,૦૦૦ (અંકે રૂ. પાંચ લાખ) જમા કરવા તાકીદ કરી છે. અને જો નોટીસમાં જણાવ્યા મુજબનું વળતર ચૂકવવામાં ચૂક કરશે તો ગ્રાહક અદાલતમાં ફરિયાદ દાખલ કરવામા આવશે.આ અંગે કિશોર દવેએ જણાવ્યું હતું કે જો કોઈ વેપારી એમ.આર.પી. કરતાં વધુ ભાવ લેતાં હોવાનું ગ્રાહકોના ધ્યાને આવે તો ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ ગ્રાહક અદાલત અથવા નજીકની ગ્રાહક સુરક્ષા સંસ્થા તાલુકા ગ્રાહક સુરક્ષા અધિકારી અને જીલ્લા ગ્રાહક સુરક્ષા અધિકારી એ જણાવ્યું હતું.




# પાલનપુરના કાણોદર પ્રાથમિક શાળામાં બાળકોના વિકાસ અંગે માર્ગદર્શન

**રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ ડો. પ્રફુલ્લ જલુ દ્વારા કાણોદર પ્રાથમિક શાળા-૨ માં માર્ગદર્શન અપાયું : જિલ્લામાં એન.એમ.એમ.એસ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનારા શિક્ષક મિત્રોનું સન્માન**

પાલનપુર તા. ૧૧

બાળકોનો જ્ઞાનાત્મક વિકાસ થાય તે અંગે ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવનના નિયામક અને રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ ડૉ. પ્રફુલ્લ જલુ દ્વારા કાણોદર પ્રાથમિક શાળા-૨ માં શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,તેમણે સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત પસંદગી પામેલ કાણોદર પ્રાથમિક શાળા નંબર-૨ના વર્ગખંડોની મુલાકાત લઈ શિક્ષક મિત્રો દ્વારા કરાવવામાં આવતું પ્રત્યક્ષ વર્ગખંડ કાર્ય નિહાળી આચાર્ય અને શિક્ષક મિત્રોને આ સંદર્ભે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં સરકારના શિક્ષણ વિભાગના મહત્વાકાંક્ષી પ્રકલ્પ ‘સ્કૂલ ઓફ એક્સલન્સ’ અંતર્ગત પસંદ થયેલી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા અપગ્રેડ કરવા બાબતે શાળાના આચાર્ય, બી.આર.સી. કો-ઓર્ડીનેટર તેમજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને માર્ગદર્શન તથા હેન્ડ હોલ્ડીંગ કરવામાં આવ્યું હતુ. બનાસકાંઠા જિલ્લામાં એન.એમ.એમ.એસ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષક મિત્રોનું પણ સન્માન કરવામાં આવ્યું હતુ. દર વર્ષે બનાસકાંઠા જિલ્લાના ૨૦ હજાર જેટલાં વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારની શિષ્યવૃત્તિ અંગેની પરીક્ષાઓ આપતા હોય છે. આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક એક્સપોઝર મળી રહે તે હેતુથી ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન દ્વારા ’વિધા દર્શન’ નામની યુ-ટ્યુબ ચેનલ પર વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો દરરોજ નિર્માણ કરી પ્રસારિત કરવામાં આવે છે.



જિલ્લાના મહત્તમ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમો નિહાળીને તેમની બૌદ્ધિક ક્ષમતામાં વધારો કરે તેવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વિધાર્થી લક્ષી વિવિધ પરીક્ષાઓ લેવામાં આવે છે. તેમાં ભાગ લેતા આર્થિક રીતે નબળા વર્ગના તેજસ્વી વિધાર્થીઓને રાષ્ટ્રીય કક્ષાનું ફ્રી કોચિંગ કરાવવાનું કાર્ય ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન કરી રહ્યું છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

# ગણપત યુનિવર્સિટીની કોમ્પ્યુટર ફેકલ્ટી દ્વારા ત્રીજી ‘સિંપ્રગર ઈન્ટરનેશનલ ઓનલાઈન’ કોન્ફરન્સ

ગણપત વિદ્યાનગર, તા. ૧૧

ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન દ્વારા તાજેતરમાં સતત ત્રીજી બે દિવસીય ‘સિંપ્રગર વર્ચ્યુઅલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન કોમ્પ્યુટરીંગ સાયન્સ, કોમ્પ્યુનિકેશન એન્ડ સિક્યુરિટી (COMS2-2022) નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સુપ્રતિષ્ઠિત કોન્ફરન્સમાં રજૂ થતા અને સ્વિકૃતિ પામતા ‘સાયન્ટિફિક કોન્ટ્રીબ્યુશન રિસર્ચ પેપર્સ’ પ્રસિદ્ધ કરવાના શુભ આશય સાથે વિશ્વવિખ્યાત પબ્લિશર્સ ‘સિંપ્રગર’ પણ આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સના આયોજનમાં સહયોગી તરીકે જોડાયા હતા.



ગણપત યુનિ.ના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, યુનિ.ના પ્રો. ચાન્સેલર અને ડાયરેકટર જનરલ પ્રો.ડૉ. મહેન્દ્ર શર્મા, સુખ્યાત સંસ્થા આઈટ્રીપલઈ (IEEE) ના સિનિયર સાયન્સિન્ટ અને ફાઈવ-જી સ્ટ્રેટેજીસ્ટ ડૉ. આશુતોષ દત્તા, ડી.વાય. પાટીલ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી, પુણેના વાઈસ ચાન્સેલર, ડૉ. પ્રભાત રંજન, આઈ.આઈ.ટી. ખડગપુરના કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના પ્રો. ડૉ. સુદિપ મિશ્રા, કેનેડાના મોન્ટ્રીયલ શહેરની નેસનલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્ટિફિક રિસર્ચના પ્રો.ડૉ. માર્ટિન મેયર, બેંગ્લોરના સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કોમ્પ્યુરીંગ (C-DAC) ના એસોસિએટ ડિરેકટર ડૉ. બાલાજી રાજેન્દ્રન, ત્રિવેન્દ્રમ આઈઆઈઆઈટીના ડૉ. સાબુ એમ થમ્પી, મલેશિયાની ટેયલર્સ યુનિ.ના ડૉ. નૂર જમાન, ગણપત યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર ડૉ. આર.કે. પટેલ, યુનિ.ના પ્રો વાઈસ ચાન્સેલર અને એક્ઝિ રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ, યુનિ.ની ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશનના એક્ઝિક્યુટીવ ડીન. પ્રો. ડૉ. સત્યેન પરીખ અને આ કોન્ફરન્સ (COMS2) ના ઓવરહોલ ઓર્ગેનાઈઝિંગ ચેર ડૉ. નિર્ભય ચૌબે સહિત અનેક કિ-નોટ સ્પિકર્સ, આમંત્રિત નિષ્ણાતો, મહેમાન મહાનુભાવો, અભ્યાસુ - સંશોધકો અને ઓનલાઈન ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં બહુ રસપૂર્વક અને ઉત્સાહભેર જોડાયા હતા.

દુનિયાભરના સાત દેશોમાંથી કુલ ૧૪૭ જેટલાં રિસર્ચ - પેપર્સ આ કોન્ફરન્સમાં રજુઆત માટે મળ્યા હતા. જેમાંથી કડક ચકાસણીમાંથી પાર ઉતરી માત્ર ૨૩ જેટલાં નવાં સંશોધનોવાળા પેપર્સ સ્વીકારાયા હતા, (જે કુલ પેપર્સનાં માત્ર ૧૬ ટકા થાય છે.

# બટાકાના ભાવ ઉંચકાય તેવું ડીસા તાલુકાના ખેડુતો ઈચ્છી રહ્યા છે

ડીસા, તા. ૧૧

બટાકા નગરી તરીકે ઓળખાતા ડીસા શહેરમાં બટાકા હબ તરીકે પણ ઓળખાય છે ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાંમાં બટાકાનું વાવેતર કરવામાં આવ્યું હતું અને હવે તાલુકાના પશ્ચિમ વિસ્તાર કે જે બટાકાનો હબ ગણાય છે ત્યાં નવા બટાકા કાઢવાના શ્રીગણેશ કરવામાં આવ્યા છે. ચાલુ વર્ષે શિયાળામાં વારંવાર થયેલા માવઠાના કારણે બટાકા પાક ને પણ નુકશાન થયું છે અને કુંજરાના રોગ ના કારણે વિસ્તારોમાં બટાકામાં કાળા ડાઘ પડી ચુકયા છે. ગત વર્ષ કુદરતી આફતના કારણે ઉતારો ઓછો આવ્યો હતો ત્યાં ચાલુ વર્ષે ૨૨૫ થી ૨૫૦ મણનો ઉતારો આવી રહ્યો છે.પોખરાજ સહિતના બટાકનો ભાવ ૨૦ કિલોનો ભાવ હાલ ૧૭૦ થી ૨૦૦ ની રેન્જમાં ચાલી રહ્યો છે. શિયાળામાં સમયાંતરે થયેલા કમોસમી વરસાદના કારણે બટાકાની ખેતીમાં ખેડુતોને નુકશાન સહન કરવાની નોબત આવી છે અને વીઘા દીઠ ૩૦ થી ૫૦ મણ ઓછો ઉતારો આવે તેવા અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.ડીસા તાલુકાના હેકટરમાં ખેડુતોએ બટાકાનું વાવેતર કર્યું હતું અને હાલ તાલુકાના વિવિધ વિસ્તારોમાં બટાકા લેવાની ની શરૂઆત થઈ ચુકી છે. ખેડુતો નવા બટાકા કાઢી રહ્યા છે પણ કંયાક કુંજરાના રોગના કારણે બટાકામાં કાળા પડી ગયા છે. પ્રતિકૂળ હવામાના કારણે બટાકાના ઉત્પાદને પણ અસર પહોંચી છે અને જયાં ગત વર્ષે વીઘા દીઠ જયાં ૨૬૦ થી ૩૦૦ મણનો ઉતારો આવ્યો હતો ત્યાં ચાલુ વર્ષે ૨૨૫ થી ૨૨૫ મણનો ઉતારી આવી રહ્યો છે. હાલમાં બટાકા કાઢવાની શરૂઆત થઈ છે ત્યારે પોખરાજ સહિત બટાકાના ૨૦ કિલોનો ભાવ રૂા.૧૭૦ થી ૨૦૦ ની રેન્જમાં ચાલી રહ્યા છે. આગામી દિવસોમાં આ ભાવમાં કોઈ મોટો વધારો થાય તેવી શકયતાને ખેડુતો નકારી રહ્યા છે. ગત વર્ષે ખેડુતોને બટાકાના ભાવમાં મોટું નુકશાન સહન કરવાનો વારો આવ્યો હતો અને હજુ પણ કેટલાય ખેડુતોના બટાકા કોલ્ડ સ્ટોરેજોમાં પડયા છે અને નાછુટકે રૂા.૮૦ થી ૧૦૦ માં વેચવાની પણ ફરજ પડી છે. મોંઘી દવા, ખાતર અને બિયારણ લાવ્યા પછી હવે જયારે બટાકા કાઢવાની શરૂઆત થઈ છે ત્યારે ખેડુતોને ઓછો ઉતારો ચિંતા ઉપજાવે છે.

